*This Question Paper contains 8 printed pages.*

Seat No.:

Sl. No. :

# 337(G)

**(February, 2025)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

**સૂચનાઓ :**

1) **આ પ્રશ્નપત્રમાં કુલ 6 વિભાગ અને 60 પ્રશ્નો છે.**
2) **પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે.**
3) **પ્રશ્નની સૂચના પ્રમાણે જવાબ લખવા.**
4) **નવો વિભાગ નવા પાના પર લખવો.**

## વિભાગ - A

■ **નીચે આપેલા 1 થી 20 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને લખો. દરેકનો 1 ગુણ છે.** **[20]**

1) દેશની તમામ પ્રકારની બેન્કને સૂચનાઓ આપવાનું અને નિયંત્રણ રાખવાનું કાર્ય કઈ સંસ્થા કરે છે ?

(A) રાજ્ય સરકાર

(B) રિઝર્વ બેન્ક

(C) નગર પાલિકા

(D) કેન્દ્ર સરકાર

2) અગ્નિશામક દળની સેવાએ કેવા પ્રકારની સેવા કહી શકાય ?

(A) ખાનગી

(B) જાહેર ઉપયોગી

(C) સરકારી

(D) અર્ધસરકારી



https://www.gujaratboardonline.com

3) જ્યારે કર્મચારી વારંવાર ગેરશિસ્ત આચરતો હોય ત્યારે પેઢી / સંસ્થા અંતિમ પગલાંરૂપે કઈ પ્રક્રિયા કરે છે ?

(A) બઢતીની

(B) અપકર્ષની

(C) નોકરીની સમાપ્તિ

(D) બદલી

4) સંભવિત આર્થિક નુકસાનને પહોંચી વળવા માટેની અગમ ચેતી ભરેલી ગોઠવણ એટલે ......... .

(A) બેન્ક લોન

(B) નોટિસ

(C) ડિબેન્ચર

(D) વીમો

5) ઘર કે જમીનના ખરીદ-વેચાણ, ભાડા કરાર કે કોઈપણ પ્રકારનું સોગંદનામું તૈયાર કરવા સરકારમાં ભરવામાં આવતી રકમને શું કહે છે ?

(A) કસ્ટમ ડ્યુટી

(B) સ્ટેમ્પ ડ્યુટી

(C) મહેસુલ

(D) ફેરબદલી ફી

6) પ્રેઝન્ટેશનના મૌખિક માધ્યમોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

(A) મેમો

(B) વક્તવ્ય

(C) વિવાદ

(D) સંવાદ

7) કયા દસ્તાવેજ દ્વારા જાહેર ભરણા માટે આમંત્રણ આપવામાં આવે છે ?

(A) આવેદન પત્ર

(B) વિજ્ઞાપન પત્ર

(C) નિયમન પત્ર

(D) નોંધણીનું પ્રમાણપત્ર



https://www.gujaratboardonline.com

8) શેર ડિવિડન્ડને કેટલા પ્રકારમાં વહેંચવામાં આવે છે ?

(A) 2

(B) 3

(C) 4

(D) 1

9) શેરધારકને અદાલત નાદાર જાહેર કરે તો .....

(A) મરજિયાત હસ્તાંતરણ થાય

(B) ફરજિયાત હસ્તાંતરણ થાય

(C) હસ્તાંતરણ થઈ શકે નહિ

(D) ભવિષ્યમાં હસ્તાંતરણ થાય

10) કોના જાણવ્યા મુજબ, "જોઈન્ટ સ્ટોક કંપની શરૂ કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય શેરની ફેરબદલી સરળતાથી થઈ શકે તેવી સગવડ તેના સભ્યોને આપવાનો છે ?"

(A) સર ફ્રાન્સિસ પામર

(B) પ્રો. એલ.સી.બી. ગોવર

(C) લોર્ડ બ્લેક બર્ન

(D) કંપની ધારો, 2013

11) કંપની અને ડિબેંચરધારકો વચ્ચેના કરારને શું કહે છે ?

(A) ડિબેંચર ટ્રસ્ટ ડીડ

(B) વિશ્વાસ સંપાદન કરાર

(C) જામીનગીરી કરાર

(D) હિત-રક્ષણ કરાર

12) ડિબેંચરધારક એ કંપનીનો કોણ છે ?

(A) લેણદાર

(B) દેવાદાર

(C) દેવાદાર-લેણદાર

(D) શેરધારક



https://www.gujaratboardonline.com

13) કંપનીના આવેદનપત્રની કઈ કલમમાં સહી કરવાથી સભ્ય તરીકે માની લેવામાં આવે છે ?

(A) મૂડીની કલમ

(B) ઉદ્દેશ્યની કલમ

(C) સ્થાપનાની કલમ

(D) જવાબદારીની કલમ

14) સંયુક્ત શેર ધરાવનાર વ્યક્તિઓ પૈકી કંપની કોના નામે પત્ર વ્યવહાર કરે છે ?

(A) પ્રથમ વ્યક્તિના નામે

(B) બધીજ વ્યક્તિઓના નામે

(C) બીજી વ્યક્તિના નામે

(D) છેલ્લી વ્યક્તિના નામે

15) વ્યક્તિ વધુમાં વધુ કેટલી કંપનીમાં સંચાલક બની શકે ?

(A) 10

(B) 20

(C) 30

(D) 40

16) કંપનીના પ્રથમ સંચાલકની મુદત ક્યારે પૂરી થયેલી ગણાય ?

(A) ક્યારેય નહિ

(B) 5 વર્ષની મુદત પૂરી થતાં

(C) કંપનીની પ્રથમ સામાન્ય સભાના દિવસે તેમની મુદત પૂરી થતાં

(D) 3 વર્ષની મુદત પૂરી થતાં

17) કંપની સભામાં જે બાબત સભ્યો વચ્ચે ચર્ચા-વિચારણ માટે રજૂ કરવામાં આવે તેને શું કહે છે ?

(A) ઠરાવ

(B) પ્રસ્તાવ

(C) નોટિસ

(D) કાર્યસૂચિ



https://www.gujaratboardonline.com

18) સામાન્ય ઠરાવની તરફેણમાં ઓછામાં ઓછા કેટલા સભ્યોની બહુમતી આવશ્યક છે ?

(A) 75%

(B) 51%

(C) 65%

(D) 40%

19) કંપનીના સ્વૈચ્છિક વિસર્જનને કેટલા ભાગમાં વહેંચવામાં આવે છે ?

(A) 2

(B) 3

(C) 4

(D) 1

20) ખાનગી કંપનીમાં ઓછામાં ઓછી કેટલી સભ્યસંખ્યા થાય તો કંપનીને ફડચામાં લઈ જઈ શકાય ?

(A) 7 થી ઓછી

(B) 3 થી ઓછી

(C) 2 થી ઓછી

(D) 10 થી ઓછી

## વિભાગ - B

■ **નીચેના 21 થી 30 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો. દરેકનો 1 ગુણ છે.** **[10]**

21) પ્રીમિયમ એટલે શું ?

22) 'ECS' નું પુરૂં નામ જણાવો.

23) પ્રેઝેન્ટેશનમાં કોણ કેન્દ્રસ્થાને હોવું જોઈએ ?

24) જાહેર ભરણા માટે કંપની કયા કયા મધ્યસ્થીઓની મદદ લે છે ?

25) શેરહોલ્ડર પોતાના શેર પ્રમાણપત્ર કંપનીને પરત કરે તેને શું કહે છે ?

26) કંપની પોતાના શેરધારકોના ડિમેટ ખાતાં કેવી રીતે જોઈ શકે ?



https://www.gujaratboardonline.com

27) નગ્ન ડિબેંચર એટલે શું ?

28) એકલ વ્યક્તિ કંપનીમાં ઓછામાં ઓછા કેટલા ડિરેક્ટર હોવા જોઈએ ?

29) સભાનોંધ એટલે શું ?

30) લિક્વિડેટરની નિમણૂંક થતાં કોની સત્તાનો અંત આવે છે ?

## વિભાગ - C

■ **નીચેના 31 થી 40 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 7 ના ટૂંકમાં જવાબ આપો. દરેકના 2 ગુણ છે.** **[14]**

31) બેંકને કઈ બાબતો માટે ફરીયાદ પત્રો લખવામાં આવે છે ?

32) જાહેર ઉપયોગી સેવાઓ પૂરી પાડતા વિભાગો કે નિગમોને કોની નાણાકીય સહાય પ્રાપ્ત થતી હોય છે ?

33) પ્રત્યક્ષ અને પરોક્ષ ભરતી એટલે શું ?

34) ત્યાગપત્રના બીજા ભાગમાં કઈ બાબતનો સમાવેશ થાય છે ?

35) શેર હપ્તા મંગાવવાની વિધિ દરમિયાન સભ્યપત્રક બંધ રાખવું શા માટે જરૂરી છે ?

36) અંશતઃ રૂપાંતરક્ષમ ડિબેંચર વિશે સમજૂતી આપો.

37) સભ્ય અને શેરહોલ્ડર વચ્ચેના તફાવતના કોઈપણ 2 મુદ્દા સમજાવો.

38) નોમિની ડિરેક્ટરની નિમણૂંક ક્યારે કરવામાં આવે છે ?

39) સભા નોટિસ કેવી રીતે આપી શકાય ?

40) કંપનીની પ્રાથમિક સભા અને અહેવાલ વિશે સમજાવો.

## વિભાગ - D

■ **નીચેના 41 થી 47 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 5 પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. દરેકના 3 ગુણ છે.** **[15]**

41) શેર સોંપણીના સંજોગો જણાવો.

42) શેર ફેરબદલીનું મહત્ત્વ જણાવો.



https://www.gujaratboardonline.com

43) ડિબેંચર ટ્રસ્ટ ડીડમાં કઈ વિગતોનો સમાવેશ કરવામાં આવે છે ?

44) 'વ્યક્તિ સભ્ય હોય પરંતુ શેરહોલ્ડર ન હોય' - વિધાન સમજાવો.

45) સંચાલક રાજીનામું કેવી રીતે આપે છે ? - સમજાવો.

46) સભા નોટિસ અંગે સેક્રેટરીની ફરજો ચર્ચો.

47) સ્વૈચ્છિક વિસર્જનના સંજોગો જણાવો.

## વિભાગ - E

■ **નીચેના 48 થી 53 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 4 પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. દરેકના 4 ગુણ છે.** [16]

48) સજાવટ ફર્નિચર, વડોદરા વતી ઓલ ઇન વન ફર્નિચર મેન્યુફેક્ચરિંગ, મુંબઈને 100 નગ ટેબલ અને 200 નગ ખુરશી ખરીદવા માટેનો ઓર્ડર આપતો ઈ-મેઇલ લખો.

49) અનિયમિત શૅર વહેંચણી અને ગેરકાયદેસર શૅર વહેંચણી વચ્ચેનો તફાવત સમજાવો. https://www.gujaratboardonline.com

50) શેરના કાયદાકીય હસ્તાંતરણ અંગેના સંજોગો જણાવો.

51) કંપનીનું સભ્યપદ કોણ મેળવી શકે ?

52) મૅનેજિંગ ડિરેક્ટર અને ડિરેક્ટર વચ્ચેનો તફાવત જણાવો.

53) ટૂંકનોંધ લખો : પ્રતિતાધિકાર (proxy)

## વિભાગ - F

■ **નીચેના 54 થી 60 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 5 પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો. દરેકના 5 ગુણ છે.** [25]

54) બૅંક ઓફ વડોદરા, જામનગર ને ઉચ્ચ અભ્યાસ માટે શૈક્ષણિક લોન મેળવવા અંગેનો પત્ર લખો.

55) સંસ્થાના સરનામે પોસ્ટ-પાર્સલની સમયસર વહેંચણી ના થતી હોવાનો ફરિયાદપત્ર પોસ્ટ-પાર્સલ વિભાગને લખો.


https://www.gujaratboardonline.com

56) અંબાજી સ્થિત બાળ વિકાસ નામની સેવાભાવી સંસ્થાને આપની શાળામાં કારકિર્દી માર્ગદર્શન આપવા માટે વિનંતી કરતો પત્ર લખો.

57) એક કર્મચારી ફરજના સમય દરમિયાન કામના સ્થળ પર હાજર ન હતા. આ અંગે ખુલાસો માગતો નોટિસ સ્વરૂપે પત્ર લખો.

58) કોઈ એક કર્મચારીને શિસ્તભંગના પગલાંરૂપે અપકર્ષની જાણ કરતો પત્ર લખો.

59) શ્રીમતી ભારતી મિત્તલ પોતે ખરીદેલ વીમા પોલિસી માટે મંજૂર કરેલ પ્રીમિયમની મુદતમાં ફેરફાર કરાવવા ઇચ્છે છે. તેમના વતી વીમા કંપનીને પત્ર લખો.

60) સિવિલ હોસ્પિટલની મુલાકાત બાદ તે અંગેની રજૂઆત કરતો વ્યક્તિગત અહેવાલ તૈયાર કરો.

◆◆◆



https://www.gujaratboardonline.com